સંદેશ, પાના નંબર :- ૧૬,
તારીખ :- ૦૬/૦૧/૨૦૨૬.

### ૧૨મીએ સાબરમતી રિવરફ્રન્ટ પરથી પતંગોત્સવનો આરંભ

# PM નરેન્દ્ર મોદી ત્રણ દિવસ ગુજરાતમાં, ૧૦મી જાન્યુઆરીએ સોમનાથમાં રોકાણ

## મહાત્મા મંદિરમાં જર્મનીના ચાન્સલેર ફ્રેડરિક મર્ઝ સાથે મુલાકાત, ગાંધીનગરમાં રોડ-શો

। ગાંધીનગર ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ જાન્યુઆરીથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. ૧૦મીએ તેઓ સોમનાથમાં રાત્રિ રોકાણ કરશે. બીજા દિવસ ૧૧મીએ તેઓ રાજકોટમાં પ્રાદેશિક વાઈબ્રન્ટ સમિટનું ઉદ્દઘાટન કરીને સાંજે અમદાવાદ આવશે. ૧૨મી જાન્યુઆરીએ અમદાવાદમાં તેઓ સાબરમતી રિવરફ્રન્ટથી જર્મનીના ચાન્સલેર ફ્રેડરિક મર્ઝ સાથે પતંગોત્સવનુ ઉદ્દાઘાટન કરશે.

ગુજરાત મુલાકાત પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ ઉપર ટ્વિટ કરીને વર્ષ ૨૦૨૬ એ સોમનાથ મંદિરના પુનોધ્ધારના ૭૫મુ વર્ષ હોવાની સાથે સાથે આ જ્યોતિર્લિંગ ઉપર પહેલા આક્રમણના ૧૦૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યુ હોવાની માહિતી આપી હતી. રાજ્ય સરકારના ટોચના સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી જાન્યુઆરીએ ગુજરાત પ્રવાસ સોમનાથથી આરંભ કરશે. તેઓ સોમનાથ મહાદેવની પૂજા કરીને આ તીર્થક્ષેત્રમાં યોજનારી શૌર્યયાત્રામાં સામેલ થશે. ૧૦મી જાન્યુઆરીએ તેઓ સોમનાથ ખાતે જ રાત્રીરોકાણ કરવાના હોવાથી સલામતી વ્યવસ્થાને પણ એલર્ટ કરવામાં આવી છે.

૧૧મી જાન્યુઆરીથી રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર રિજિયનની વાઈબ્રન્ટ સમિટનો આરંભ થઈ રહ્યો છે. જેનું બપોરે ૧૨ કલાક આસપાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. રાજકોટમાં પ્રાદેશિક સમિટ ઉપરાંત ટ્રેડ-શોને પણ વડાપ્રધાન મોદી ખુલ્લો મુકશે. બાદમાં ૩- ૩૦ કલાકે તેઓ અમદાવાદ આવશે. આ મહિનાના અંતે દિલ્હીમાં ૧૭મી ઈન્ડો- EU સમિટ યોજાનાર છે. તે પુર્વે જર્મનીના ચાન્સલેર ફ્રેડરિક મર્ઝ અમદાવાદ આવી રહ્યા છે. ૧૨મી જાન્યુઆરીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સલેરની ઉપસ્થિતિમાં બંને દેશો વચ્ચે

વેપાર, સુરક્ષા, ટેકનોલોજી અને પર્યાવરણ જેવા વૈશ્વિક મુદ્દા ઉપર વ્યુહાત્મક નિર્ણયો, મુક્ત વ્યાપાર કરાર- FTA સંબંધિત MOU થશે તેમ જણાવા મળ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ જાન્યુઆરીની સવારે અમદાવાદમાં સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લેશે. તે પછી રિવરફ્રન્ટ ઉપરથી પતંગોત્સવને ખુલ્લો મુકશે. બાદમાં તેઓ ફ્રેડરિક મર્ઝ સાથે મહાત્મા મંદિર ખાતે મેટ્રો મારફતે પહોંચશે.